છે; પરંતુ સૉનેટનો એક શિસ્તબદ્ધ કાવ્યકૃતિ તરીકે વિચાર કરીએ, તો તેમાં પ્રાસની ચોક્કસ ગૂંથણીને અવગણી ન શકાય.

બળવંતરાય ઠાકોરે ગુજરાતી ભાષાને આપેલાં સૉનેટોમાં 'મોગરો', 'વધામણી' અને 'ભણકારા'નો સમાવેશ થાય છે. એ પછી ઉશનસ્‌થી માંડીને લાભશંકર ઠાકર અને ચિનુ મોદી સુધીના કવિઓએ સૉનેટની પરંપરાને સમૃદ્ધ રાખી છે.

## ● અભ્યાસ

**1. નીચેના દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી સામેના ☐ માં દર્શાવો :**

(1) ઘરના સભ્યો વારાફરતી વિદાય લઈ રહ્યા છે કારણ કે... ☐

(ક) દિવાળીની રજાઓ પૂરી થઈ છે. (ખ) લગ્નપ્રસંગ પૂરો થઈ ગયો છે.

(ગ) બધાંને પ્રવાસે સાથે જવાનું છે. (ઘ) ગામડાના ઘરમાં રહેવું ગમતું નથી.

(2) ભાભીનું ભર્યું ઘર... એટલે શું ? ☐

(ક) સુખી-સમૃદ્ધ ઘર (ખ) પરિવાર સાથેનું ઘર

(ગ) સામાનથી ખીચોખીચ ભરેલું ઘર (ઘ) ભાભીએ વસાવેલું ઘર

(3) સંતાનો દૂર દૂર કેમ વસેલાં છે ? ☐

(ક) ધંધાર્થે (ખ) ઝઘડાના ડરથી

(ગ) પોતપોતાના વિકાસ માટે (ઘ) અભ્યાસ માટે

(4) સંતાનોને કોણ વળાવવા ગયું ? ☐

(ક) પાડોશી (ખ) સગાંસંબંધી (ગ) બા (ઘ) મિત્રો

(5) કવિ નટવરલાલ કુબેરદાસ પંડ્યાનું ઉપનામ જણાવો. ☐

(ક) દર્શક (ખ) સ્નેહરશ્મિ (ગ) સુંદરમ્ (ઘ) ઉશનસ્

**2. નીચેના દરેક પ્રશ્નનો એક એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) સંતાનો પાછાં વિદાય કેમ થાય છે ?

(2) દિવાળીના વૅકેશનમાં બાના ઘરની સ્થિતિ કેવી હતી ?

## ● રૂઢિપ્રયોગ

1. **મન ભીંતોમાં ભમવું** - મન કોઈ જગ્યાએ સ્થિર ન હોવું
2. **મોંમાં આંગળાં નાખીને બોલાવવું** - પરાણે બોલાવવું
3. **મોંમાં મગ ભરવા** - મૂંગા રહેવું
4. **આંખ આડા કાન કરવા** - વાત ધ્યાનમાં ન લેવી
5. **દળદર ફિટવું** - ગરીબાઈ દૂર કરવી
6. **મિજાજ ગુમાવવો** - ગુસ્સે થવું
7. **આડું જોઈ જવું** - અણગમો બતાવવો
8 **કાને અથડાવું** - શબ્દો સંભળાવવા

## ● ભાષાસજ્જતા

લેખનમાં જોડણીનું ઘણું જ મહત્ત્વ છે. જોડણીની ભૂલને કારણે અર્થ બદલાઈ જાય છે તેમજ સાચા અર્થમાં આપણે વ્યક્ત થઈ શકતાં નથી. દા.ત., દિન-દિવસ, દીન-ગરીબ વગેરે. આ ઉપરાંત આ એકમમાં આવતા શબ્દોની જોડણી પણ ધ્યાને રાખીએ. દા.ત., કિલકિલાટ, સુરેન્દ્રનાથ, ખુશમિજાજ, ઢીલોઢસ, પ્રયત્ન વગેરે.

જોડણીને કારણે અર્થ બદલાતા હોય એવા શબ્દો :

ઉદાહરણ : પાણી - જળ, પાણિ - હાથ; સારુ - ને માટે, સારું - સુંદર; ચીર - વસ્ત્ર; ચિર - લાંબું

વિરામચિહ્નોના ઉપયોગ દ્વારા અર્થ બદલાતા હોય તેવાં વાક્યો જોઈએ. આ વાક્યો વાંચો અને સમજો.

ઉદાહરણ : અહીં ગંદકી કરવી નહિ, કરનાર સજાપાત્ર થશે.

અહીં ગંદકી કરવી, નહિ કરનાર સજાપાત્ર થશે.

## ● અભ્યાસ

**1. નીચેના દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી આપેલા ☐ માં દર્શાવો :**

(1) અંજન ઉપર નિખિલરાય પોતાનો ગુસ્સો કેવી રીતે ઠાલવે છે ? ☐

(ક) દોડાવીને (ખ) થપ્પડ મારીને (ગ) દંડ કરીને (ઘ) ચાબુકથી ફટકારીને

(2) ભાસ્કરરાય એમની પેટીમાં શું લાવ્યા હતા ? ☐

(ક) પુસ્તકો (ખ) કપડાં (ગ) મીઠાઇ (ઘ) રમકડાં

(3) અંજન સાકર શામાંથી શોધતો હતો ? ☐

(ક) પેટીમાંથી (ખ) રેતમાંથી (ગ) કોલસામાંથી (ઘ) શેરડીમાંથી

**2. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) અંજનથી શાહીનો ખડિયો કઈ રીતે ઢોળાઈ ગયો ?

(2) નિખિલરાયને અંજન ટેબલના ખાનામાંથી કઈ-કઈ વસ્તુઓ સોંપે છે ?

(3) અંજન માંદગી માટે કોને દોષિત ગણે છે ?

**3. આ વાક્ય કયા પ્રસંગે કોણ કોને કહે છે, તે જણાવો :**

(1) પણ ભાઈ દવા પીધા વિના તે કંઈ ચાલે ?

(2) બાળકોનું ભવિષ્ય એમની માતાઓ જ રગદોળે છે.

(3) પણ પીળા રંગનું શું થશે ?

**4. નીચેની ખાલી જગ્યાઓ પૂરો :**

(1) અંજને લાલ રંગમાં વાદળી રંગ મેળવતાં ...................... રંગ મળ્યો.

(2) કિન્નરી અંજનને ...................... પૂછવા આવી હતી.

(3) અંજન કિન્નરીને ......................ને મદદ કરવાનું કહે છે.

(4) ભાસ્કરકાકા બાળકો માટે ................. લાવ્યા હતા.

(5) અંજન કોલસામાંથી ...................... શોધવા માગે છે.

R4A5P1

## ● સ્વાધ્યાય

**1. પાઠના આધારે પ્રશ્નોના જવાબ લખો :**

(1) અંજન કઈ રીતે રંગ મેળવવાની મથામણ કરે છે ?

(2) અંજન કિન્નરી પર ખિજાયા પછી કઈ લાગણી અનુભવે છે ?

(3) નિખિલરાયને અંજનની કેવી પ્રવૃત્તિઓ ગમતી નથી ?

(4) અંજન કેવી વ્યથા અનુભવે છે. ?

(5) ભાસ્કરરાયનો અંજન વિશે શો અભિપ્રાય હતો ?

**2. આપેલા શીર્ષકને ધ્યાનમાં રાખી વાર્તાલેખન કરો.**

શીર્ષક : સંપ ત્યાં જંપ.

**3. તમે વાંચેલાં પુસ્તકો પૈકી તમને કયું પુસ્તક ગમ્યું અને શા માટે તે લખો.**

## ● પ્રવૃત્તિ

(1) **જૂથમાં ચર્ચા કરો :**

- તમને આ નાટકનું કયું પાત્ર ગમ્યું ? શા માટે ?
- તમે અંજનની જગ્યાએ હોત, તો શું કરત ?
- 'મને શું થવું ગમે ?' વિષય પર પાંચ વાક્યો બોલો

(2) નાટકની વર્ગખંડમાં રજૂઆત કરાવવી.

ઉપરનાં વાક્યોમાં ‘ટકટક’, ‘ટપટપ’, ‘ઝરમર’, ‘ખળખળ’, ‘ઝબઝબ’, ‘છનનન’, ‘દડબડ’, ‘ઢમઢમ’ વગેરે શબ્દપ્રયોગોમાં વિશિષ્ટ ધ્વનિરચનાથી વિશિષ્ટ અવાજ સૂચવવાનો ભાષકનો આશય સ્પષ્ટ દેખાય છે. આવી રીતે પ્રયોજાતા શબ્દપ્રયોગોને રવાનુકારી શબ્દપ્રયોગો કહેવાય છે.

‘રવ’ એટલે અવાજ. જે શબ્દપ્રયોગો દ્વારા અવાજનું - નાદનું તત્ત્વ પ્રગટતું હોય તેવા પ્રયોગોને રવાનુકારી પ્રયોગો કહેવાય.

## ● અભ્યાસ

**1. નીચેના દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી સામેના ☐ માં દર્શાવો :**

(1) કાવ્યમાં શાનો મહિમા થયો છે ? ☐

(ક) રાજાની પ્રજાવત્સલતાનો (ખ) રાજા-મિત્રની મૈત્રીનો

(ગ) રાજારાણીના પ્રેમનો (ઘ) રાજા અને ભક્તવત્સલનો

(2) મૃદંગ શબ્દનો અર્થ દર્શાવો. ☐

(ક) બંને બાજુ વગાડી શકાય એવું ઢોલક જેવું વાદ્ય

(ખ) તંતુવાદ્ય-વીણા

(ગ) મુખેથી વગાડવાનું વાજું

(ઘ) હાથથી વગાડવાનું વાજું

(3) હિંડોળાખાટમાં કોણ પોઢ્યું છે ? ☐

(ક) રુક્મિણી (ખ) ભદ્રાવતી (ગ) શ્રીકૃષ્ણ (ઘ) શ્રીવૃંદા

(4) શ્રીકૃષ્ણની આંખમાં પાણીની ધાર જેવાં આંસુ ક્યારે વહેવા લાગ્યાં ? ☐

(ક) નારદજીને જોઈને (ખ) વશિષ્ઠને જોઈને (ગ) સત્યભામાને જોઈને (ઘ) સુદામાને જોઈને

**2. નીચેના દરેક પ્રશ્નનો ઉત્તર એક-એક વાક્યમાં લખો :**

(1) શ્રીકૃષ્ણને કેટલી પટરાણીઓ હતી ?

(2) સુદામાના આગમનના સમાચાર શ્રીકૃષ્ણને કોણે આપ્યા ?

(3) શ્રીકૃષ્ણ કઈ રાણીને સૌથી વધારે વહાલી ગણશે ?

(4) શ્રીકૃષ્ણે ઉલાળીને સુદામા પાસેથી શું લઈ લીધું ?

**3. નીચેના પ્રશ્નોના ઉત્તરો આપો :**

(1) શ્રીકૃષ્ણની પટરાણીઓ તેમની શી-શી સેવા કરતી હતી ?

(2) સુદામાના આગમનની શ્રીકૃષ્ણ પર શી અસર થઈ ?

(3) સત્યભામાએ સુદામાની કેવી રીતે મજાક કરી ?

(2) જગમોહનદાસ બંગલો વેચી લાકડાના મકાનમાં રહેવા ગયા કારણ કે...
(ક) તેઓ સાદગીભર્યું જીવન જીવવા માગતા હતા. (ખ) બંગલામાં રહેવું ગમતું ન હતું.
(ગ) શ્રીમંતાઈથી અકળાઈ ગયા હતા. (ઘ) સટ્ટામાં ફટકો પડતાં નુકસાન થયું હતું.

(3) ભગવાને સંપત્તિ લઈ લીધી ત્યારે પાર્વતીબહેન શું માને છે ?
(ક) ભગવાનની આશિષ (ખ) ભગવાનનો શાપ (ઘ) ભાગ્યવિહીનતા (ઘ) પતિની કુટેવો

(4) પાર્વતીબહેન ગુણિયલ વહુને કોના પુણ્યનું બળ ગણાવે છે ?
(ક) પિતાજીના (ખ) પતિના (ગ) દીકરીના (ઘ) દાદાજીના

**2. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :**

(1) જગમોહનદાસ શાનો વેપાર કરતા હતા ? એક વાર એમને માથે કેવું સંકટ આવી પડ્યું ?
(2) જગમોહનદાસે લેખિકાની હાજરીમાં નિઃશ્વાસ કેમ નાખ્યો ? તેમને કઈ વાત મનોમન ખૂંચતી હતી ?
(3) સુમોહનને કઈ વાત કઠતી હતી ? તેણે લેખિકાને શું કહ્યું ?
(4) ઉત્પલાભાભી સુખની શી વ્યાખ્યા આપે છે?
(5) પોતાને મળેલી ગુણિયલ વહુને પાર્વતીબહેન કોના પુણ્યનું બળ ગણાવે છે ?
(6) લેખિકા જેને કર્તવ્યભાવના કહે છે, એ પ્રીતિને મન શું છે ? શા માટે ?

L5Z8C1

## • સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :**

(1) વિપત્તિ જ્યારે આવે છે ત્યારે એકલી નથી આવતી, સાથે એના લાવલશ્કરને લાવે છે, તેવું લેખિકા કોના સંદર્ભે કહે છે ? શા માટે ?
(2) આ કુટુંબકથાનાં પાત્રોની વિશેષતા તમારા શબ્દોમાં લખો.
(3) પોતાના પરિવાર પાસે સંસ્કારની શ્રીમંતાઈ છે, એવું પ્રીતિ માને છે. શા માટે ?
(4) આ કુટુંબકથાનું દરેક પાત્ર અન્યના સુખનો જ વિચાર કરે છે. તમે આવી કોઈ ઘટના કે પ્રસંગના સાક્ષી બન્યા હો તે વિશે તમારા શબ્દોમાં લખો.

**2. પાઠને આધારે નીચેનાં વિધાનો સમજાવો :**

(1) "મોટર નથી એટલે હવે ચાલવાની કસરત મળે છે, તે ઊલટું સારું રહે છે." – જગમોહનદાસના આ વિધાનને સ્પષ્ટ કરો.
(2) "ભગવાને સંપત્તિ લઈ લઈને તો ઊલટાની વધુ મોટી આશિષ આપી છે" – વાક્ય કોણ બોલે છે ? વાક્યમાંથી કેવો સૂર પ્રગટે છે ?

## • પ્રવૃત્તિ

(1) હકારાત્મક અભિગમ ધરાવતા પ્રસંગોની યાદી તૈયાર કરીને વર્ગ સમક્ષ વાંચો.
(2) આ કુટુંબકથાને સંવાદ સ્વરૂપે વર્ગખંડમાં રજૂ કરો.

